This Question Paper consists of 13 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નો અને 8 મુદ્રિત પાનાં છે.

**Roll No.** / **અનુક્રમાંક** | | | | | | | | | | | | |

**Code No. 63/SS/A/G**
**કોડ સં.**

**SET / સેટ – A**

# GUJARATI
# ગુજરાતી
# (307)

**Day and Date of Examination** ____________________
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)**

**Signature of Invigilators** 1. ____________________
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)**
2. ____________________

**સામાન્ય સૂચના :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દાખલા તરીકે (A), (B), (C) અથવા (D)માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

5 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **63/SS/A/G-A** લખવી.



Unnati Educations
9899436384, 9654279279

# GUJARATI
# ગુજરાતી
# (307)

**સમય : 3 કલાક ]** **[ કુલ ગુણ : 100**

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.
(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

## વિભાગ - 1

**1** નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો : **4**

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.
રહેજે શાંતિ-સંતોષે સદાયે નિર્મળે ચિત્તે,
દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહીં કહેજે.
કટુ વાણી સુણે જો કોઈની, વાણી મીઠી કહેજે,
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
અરે પ્રારબ્ધ તો ઘેલું, રહે છે દૂર માગે તો,
ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે.

**અથવા**

અમે રે સૂકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર,
તરબોળી દ્યોને તારેતારને, વીંધો અમને વહાલા, આરંપાર.
આવો રે આવો હો જીવણ, આમના.
અમે રે સૂના ઘરનું જાળિયું, તમે તાતા તેજના અવતાર;
ભેદોને ભીડેલા ભોગળ-આગળા, ભરો લખલખ અદીઠા અંબાર.
આવો રે આવો હો જીવણ, આમના.

**2** નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના જવાબ આપો : **4**

(1) 'સાસરવાસા' માટે મીરાંબાઈ ક્યાં જવાનાં છે ?
(2) 'શોભે વાણિયો ભીને વાને રે' એમ કવિ શા માટે કહે છે ?
(3) કવિ પ્રેમાનંદની અટક કઈ હતી ? તે શી રીતે ખબર પડે છે ?
(4) ચેતનમંત્રને ગાંધીજીએ વિશ્વના વિશાળ પટ ઉપર કઈ રીતે વિસ્તાર્યો ?



Unnati Educations
9899436384, 9654279279

3 નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો : **2**

(1) 'રામનારાયણ' શબ્દમાં કયાં બે નામ છે ? તે કયો સમાસ ગણાય ?

(2) નરસૈંયાનું કયું દુઃખ જાણીને પુરુષપુરાણી શ્રી વિષ્ણુ મદદે દોડ્યા ?

(3) કવિ પ્રેમાનંદ લખે છે, 'તે હરિ હીંડે અણવાણે પાગે રે'- છતાં એમણે પગમાં શું પહેર્યું છે ?

(4) 'સ્વપ્ન મધુરી નિદ્રાનું તે દગો મહીં અંજન' એ કાવ્યપંક્તિમાંના 'દગો'નો શું અર્થ થાય ?

4 નીચેનામાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના ઉત્તર આપો : **8**

(1) ગિલાનું પાત્ર ગમવા અને ન ગમવા માટેનાં બે-બે કારણો આપો.

(2) ગિલાના જીવનમાં તેના ડોહાની ભૂમિકા વિશે ચાર વાક્યો લખો.

(3) 'બેટી બચાવો'નો સંદેશો 'દીકરીયું' નાટકમાંથી કઈ રીતે મળે છે ?

(4) રાણીના પાત્રની ચાર વિશેષતાઓ જણાવો.

5 નીચેનામાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો : **6**

(1) 'કાનાનું કેરિયર ઓહો દોડતું હતું' એવું શા ઉપરથી કહી શકાય ?

(2) ડોહાના ગોઠણ સીધા કેવી રીતે થઈ ગયા ?

(3) રાજીમાનાં નવ ઢોરાંમાં ગધેડાનો સમાવેશ થતો હશે ? શા કારણે ?

(4) ગોપાળભાઈ ચિત્રકારની સાથે રાણીને મળવા બીજી વાર કેમ ન જઈ શક્યા ?

(5) સરપંચ રાણી કઈ કોમની છે ?

6 નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો : **10**

(1) મીરાંબાઈ વિધવા થયા પછી મુખ્યત્વે ક્યાં રહ્યાં ?

(A) ચિત્તોડમાં (B) અજમેરમાં

(C) જૂનાગઢમાં (D) દ્વારકામાં

(2) નીચેનામાંથી કયા એકનો ચાર વેદમાં સમાવેશ થતો નથી ?

(A) ઋગ્વેદ (B) આયુર્વેદ

(C) અથર્વવેદ (D) સામવેદ



**Unnati Educations**

**9899436384, 9654279279**

(3) 'હૂંડી' એટલે ?

(A) એક પ્રકારનો ક્રોસ ચેક
(B) એક પ્રકારનો બેરર ચેક
(C) ડીમાન્ડ ડ્રાફ્ટ જેવું
(D) નાણાંચિઠ્ઠી

(4) 'છડીદાર' કોને કહેવાય ?

(A) જમાદારને
(B) પોલીસને
(C) સેવકને
(D) કોઈ મોટા માણસના આગમનની જાહેરાત કરનારને

(5) નાગરી સ્ત્રીઓનાં અભિમાન કોણે ઊતાર્યાં ?

(A) દામોદર દોશીએ
(B) કમળા શેઠાણીએ
(C) કુંવરબાઈએ
(D) નરસૈંયાએ

(6) 'છકડો' વાર્તામાં કયા ચોઘડિયાનો વારંવાર ઉલ્લેખ છે ?

(A) લાભ
(B) શુભ
(C) અમૃત
(D) ચલ

(7) ચોઘડિયાંનો સમયગાળો કેટલા કલાકનો ગણાય છે ?

(A) એક કલાકનો
(B) દોઢ કલાકનો
(C) બે કલાકનો
(D) અઢી કલાકનો

(8) ગિલાએ છકડો ખરીદ્યો ત્યાં સુધી તેના ડોહાએ જિંદગીમાં એક સાથે બે ય લૂંગડાં નવાં સીવડાવેલાં નહિ. શા માટે ?

(A) એટલા એ ગરીબ હતા
(B) છકડો ન ખરીદાય ત્યાં સુધી એક સાથે બે ય લૂંગડાં નવાં ન સીવડાવવાની માનતા/બાધા માનેલી
(C) પત્નીના મૃત્યુ પછી એ કપડાંની બાબતે બેદરકાર થઈ ગયેલા
(D) તેમના ભાઈ તેમને માટે લૂંગડાં સીવડાવી આપતા

(9) 'પેટ છૂટી વાત કરવી' એટલે ?

(A) પેટ છૂટી જાય તેવી વાત કરવી
(B) પેટ પરનો પટો છોડીને વાત કરવી
(C) પેટમાં પહોંચે તેવી વાત કરવી
(D) કશું સંતાડ્યા વિના ચોખ્ખી વાત કરવી

(10) 'પેટની વાત હોવી' એટલે ?

(A) રોજીરોટીની વાત હોવી
(B) છૂપી વાત હોવી
(C) અતિ સંવેદનશીલ વાત હોવી
(D) મહત્ત્વની વાત હોવી



Unnati Educations
9899436384, 9654279279

## વિભાગ - 2

7 નીચે આપેલા પરિચ્છેદનું એક તૃતીયાંશ શબ્દોમાં સંક્ષેપીકરણ કરો : 10

આપણા દેશને માટે સ્વતંત્રતા ઘણી મુશ્કેલીથી મેળવી શકાય તેમ છે એમ આપણા દેશની સેવા કરનાર અને સ્વતંત્રતા સંગ્રામના અગ્રણીઓએ ઘણું સારી રીતે જાણી લીધું હતું. અનેક જ્ઞાતિઓ, ભાષાઓ, સંપ્રદાયો અને રાજ્યોમાં વહેંચાયેલા આ દેશને એક કરવાનો હતો. એવી એકતાની અને સંઘની ભાવના સિવાય થયેલા બધા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા. વળી અંગ્રેજોના શાસનની જીવલેણ પકડ નાગની ચૂડ જેવી સખત હતી. આમાંથી છૂટવા માટે સમાજની ક્રાંતિ માટે વિપ્લવ કરનારાઓ, છટાદાર ભાષણ કરવાની શક્તિ ધરાવનારાઓ, દેશની પરિસ્થિતિનાં બધાં પાસાંનો ચારેબાજુથી મનનપૂર્વક અભ્યાસ કરનારાઓ ઘણા દેશનેતાઓ જન્મ્યા હતા. પરંતુ દેશના ઉદ્ધાર સિવાય બીજી કોઈ અંગત ઈચ્છા ન ધરાવતો અને પ્રજાના મનને બરાબર સમજી, ઓળખી એમને યોગ્ય રસ્તે દોરી શકે એવો સાધુચરિત માણસ હજુ જન્મ્યો ન હતો. આ દેશનાં ભાગ્ય એટલાં સારાં કે કરમચંદ ગાંધીના દીકરામાં આ બધાં લક્ષણો પ્રગટ્યાં અને આ દેશને એ બત્રીસ લક્ષણા નેતાએ માત્ર સત્ય અને અહિંસાના શસ્ત્રથી જ આઝાદી અપાવી.

**અથવા**

સ્પર્શની પણ એક ભાષા હોય છે. ઉદાહરણ તરીકે ડૉક્ટર પાસે નિદાનની અને ઉપચારની સ્પર્શભાષા છે. શિક્ષક પાસે સીધી જ હૃદયને સ્પર્શ કરી શકતી ભાષા છે. વકીલ પાસે તર્ક અને બુદ્ધિથી સામાને સંમત કરવાની ભાષા છે અને કલાકાર પાસે સર્જક સ્પર્શ છે. દરેક માનવી પાસે જાદુઈ સ્પર્શ છે. આ સ્પર્શ ખરેખરા શબ્દોની મદદથી, ક્યારેક માત્ર હાથના સ્પર્શથી અને ક્યારેક તો માત્ર આંખથી જ અનુભવાય છે અને એ જ તો ખરી દુનિયા છે. ખાસ કરીને તમારાં બાળકોના સંદર્ભમાં સ્પર્શનો મહિમા સમજવા ત્રણ બાબતો જાણવી જરૂરી ગણાય. તમે જ્યારે આધિ, વ્યાધિ કે ઉપાધિથી ઘેરાયેલા હો ત્યારે એ બધી ઘટનાઓ વિશે પરિવારમાં, ખાસ કરીને બાળકો દેખતાં ચર્ચા કરવાનું ટાળો. કદાચ એમને એ વિશે ખબર પડે અને તે વિશે તમને પૂછપરછ કરે તો પણ માત્ર ખભે સ્પર્શ કરી અથવા હાથમાં હાથ રાખી આંખ મીંચી કશું બોલ્યા વિના થોડો સમય વીતાવો. જ્યારે સમય મળે ત્યારે તમારી માત્ર હાજરી થકી તમે તમારાં બાળકોને વહાલ આપતા રહો એ બીજી મહત્ત્વની બાબત છે અને ત્રીજી સૌથી મહત્ત્વની બાબત છે તમારાં બધાં સુખ અને આનંદોમાં તમારાં બાળકોને તમે સહભાગી બનાવો, એમની સાથે ગમ્મતભરી વાતો કરો, હળવી રમતો રમો અને તેઓ સતત સલામતી અનુભવે એની કાળજી રાખો.



Unnati Educations
9899436384, 9654279279

## વિભાગ - 3

**8** નીચેના પ્રશ્નોમાંથી કોઈ પણ **ચાર** પ્રશ્નોના ઉત્તર લખો : **16**

(1) પ્રમોદબાના વ્યક્તિત્વ ઉપર તેમના પિતાજી (ડૉક્ટર દાદાજી)નો કેવો પ્રભાવ પડ્યો હતો ? સારા ગુણો સાથે એ પ્રભાવને કારણે કયો અવગુણ પણ આવેલો ?

(2) 'એક અજાણ્યા કેલેન્ડરમાં બધી ઘટનાઓ સમય-સ્થળ સાથે નક્કી થયેલી હોય છે'- આવી શ્રદ્ધાના લાભ-અલાભ જણાવો.

(3) લેખકના બાપુજીને શેનો શોખ હતો ? એ શોખ એ કેવી રીતે પૂરો કરતા ?

(4) બા સવારે ઊઠે ત્યારથી શું શું ગાતાં ? તેનાથી લેખકને કશો લાભ થયો ખરો ?

(5) કરકસરથી રહેવાના કયા ફાયદા લેખકે વર્ણવ્યા છે ?

(6) આપણી સમાજરચનામાં સ્ત્રીઓને મુખ્ય અન્યાય કઈ બાબતમાં થાય છે ?

**9** નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **ત્રણ** પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો : **6**

(1) બુચમાસ્તરનાં ઘરડાંમાએ પંદર વરસની પ્રમોદને શેનો ગુરુમંત્ર આપ્યો હતો ?

(2) 'ભાંડો ફોડી દેવો' એ રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(3) પ્રમોદબા પોતાનાં કયાં ત્રણ સ્વજનોના મૃત્યુનો ઘા સહન કરી શક્યાં નહીં ?

(4) પોતાની વિશેષતાઓ, આવડત અને સદ્‌ગુણોની સભાનતા ક્યારે વ્યક્તિ માટે મનદુઃખનું કારણ બની શકે ?

(5) પ્રમોદબા આપત્તિના સમયમાં કયા ત્રણ વિશેષ ગુણોને કારણે ટકી શક્યાં ?

**10** નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો : **10**

(1) સાક્ષાત્કારની શોધમાં જેમણે ગુરુ કર્યા હોય તેવા લગભગ બધા સાધકો અંતે શું મેળવે છે ?

(A) સાક્ષાત્કાર (B) ગુરુની નકલ રૂપી ચાલણ ગાડી

(C) પ્રતિષ્ઠા (D) મોટું મીંડું

(2) સ્ત્રી સ્વતંત્ર રીતે એકલી જીવી શકે એવી ખુમારીનો પ્યાલો પ્રમોદબાને પીવા મળ્યો જ ન હતો તેનું શું પરિણામ આવ્યું ?

(A) પિતા સાથે જ આશ્રમમાં રહેવાની જીદ પકડી.

(B) ભાઈને આશ્રયે જિંદગી પસાર કરવાનું પસંદ કર્યું.

(C) લગભગ 'કજોડું' બને તેવા મિલમજૂર સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો.

(D) આપઘાત કરવાનો નિર્ણય કર્યો.



Unnati Educations
9899436384, 9654279279

(3) માણસ પોતે નથી એવો દેખાવાનું નાટક કરવામાં આનંદ કેમ માને છે ?

(A) તો જ એ સમજદાર-શાણો છે એમ માનવામાં આવે છે.

(B) તો જ સમાજ તેને સ્વીકારે છે.

(C) તો જ એને નોકરી મળે છે.

(D) કારણ કે આ જગત એક તખ્તો છે અને બધા નાટક ભજવે છે.

(4) ઘરેલુ ઝઘડામાં બા સ્ત્રીઓને મોટેભાગે કઈ શિખામણ આપતાં ?

(A) પતિ સાથે સમાધાન કરવાની (B) વડીલોને ફરિયાદ કરવાની

(C) મા-બાપની સલાહ લેવાની (D) છૂટાછેડાની

(5) કુટુંબના અનેક સભ્યો ભેગાં થાય ત્યારે બા શું સંભાળવાનો ઉત્સાહ રાખતાં ?

(A) વડીલોની સેવા (B) રસોડું

(C) બાળકો (D) ઘરનો હિસાબ

(6) હિંદુ સમાજના મોટાભાગના સભ્યો હજુ વૈજ્ઞાનિક દૃષ્ટિ શા કારણે કેળવી શક્યા નથી ?

(A) ગરીબ હોવાથી

(B) નિરક્ષર હોવાથી

(C) અંધશ્રદ્ધા અને કુરૂઢિઓમાં અટવાય છે તેથી

(D) વિજ્ઞાનીઓ ન હોવાથી

(7) 'મા વિનાની દીકરી તરીકે આગલા જનમમાં પ્રેમાનંદ જીવ્યો હશે' એવું બા કેમ માનતાં ?

(A) કારણ કે તેની અટક ભટ હતી.

(B) કારણ કે તેણે 'નળાખ્યાન' લખ્યું હતું.

(C) કારણ કે તેણે 'સુદામાચરિત્ર' લખ્યું હતું.

(D) કારણ કે તેણે 'કુંવરબાઈનું મામેરું' લખ્યું હતું.

(8) પ્રમોદબાનું પિયર ગામમાં કયા નામે પ્રસિદ્ધ હતું ?

(A) ડૉક્ટરના નામે (B) અરવિંદ આશ્રમવાળાને નામે

(C) ડૉક્ટર દાદાજીને નામે (D) ભટ્ટ સરદારને નામે

(9) વ્યક્તિનો કયો ગુણ તેને સૌથી વધુ દુઃખી કરે છે ?

(A) ઉદારતાનો (B) કરકસરનો

(C) અહંકારનો (D) કર્તવ્યપાલનનો

(10) સંયુક્ત કુટુંબમાં રહેવાનો સૌથી મોટો ફાયદો કયો છે ?

(A) બધાં સ્વતંત્ર રહી શકે

(B) દરેક વ્યક્તિ પોતાનું ધાર્યું કરી શકે

(C) અરસપરસ એકબીજાની હૂંફ-લાગણીનો અનુભવ કરી શકે

(D) નોકરો ન રાખવા પડે



Unnati Educations
9899436384, 9654279279

## વિભાગ - 4

**11** નીચેનામાંથી ગમે તે **એક** વિષય પર ચારસો શબ્દોમાં નિબંધ લખો : **7**

(A) કાશ્મીરનો પ્રવાસ

(B) કાળા નાણાંની સમસ્યા

(C) શરીરે સુખી તે સુખી સર્વ વાતે

(D) ફાટેલી નવલકથાની આત્મકથા

**12** 'મહિલા ગૃહઉદ્યોગ'ની તમે લીધેલી મુલાકાતનો અહેવાલ તૈયાર કરો. **7**

**અથવા**

તમારા વ્યક્તિત્વ ઉપર જેની સૌથી વધુ અસર થઈ છે તેવા તમે વાંચેલા પુસ્તક વિશે એક અહેવાલ તૈયાર કરો.

**13** સૂચના મુજબ ઉત્તર આપો : **10**

(1) સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા સ્થાપિત થાય તે જરૂરી છે. **1**
(વાક્યમાંથી બે અંગસાધક પ્રત્યયો ઓળખી બતાવો.)

(2) દાનધરમ, ભૂતકાળ, નામોનિશાન. **2**
(ગમે તે બે સમાસના વિગ્રહ કરીને તેના પ્રકાર ઓળખાવો.)

(3) ભગીરથ કામ કરવું, બે છેડા ભેગા કરીને જીવવું. **2**
(બંને રૂઢિપ્રયોગના અર્થ લખો.)

(4) કરકસરનાં બીજાં કેટલાંક સારાં પરિણામ આવ્યાં. **2**
(વાક્યમાંથી વિશેષણો ઓળખાવી તેમના પ્રકાર જણાવો.)

(5) બાએ જિંદગીમાં એકે સિનેમા જોયો નથી. **1**
(વાક્યરચનાનો પ્રકાર જણાવો.)

(6) બગીચામાં સુંદર ગુલાબ ખીલ્યું છે. **1**
(ક્રિયા છે કે પ્રક્રિયા ?)

(7) સારી પેન<u>થી</u> લખવું. **1**
(રેખાંકિત શબ્દની વિભક્તિ જણાવો. તે શું સૂચવે છે તે લખો.)



Unnati Educations
9899436384, 9654279279